# સારાંશ

# ટોરેન્ટ પાવર લિમીટેડ દહેજ સપ્લાય એરિયા

# કેસ નંબર. ૧૮૪૬/૨૦૧૯

## પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-ડીએ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાંણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી
2. નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની ખાદ્ય/પુરાંતનું નિર્ધારણ
3. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિજદરનું નિર્ધારણ

## નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુ અપઃ

૧.૨ માનનીય કમીશને નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટીપીએલ-ડીના એઆરઆરની મંજુરી ૯ જુન, ૨૦૧૭ (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા આપી છે. જે નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯નાં અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત હતી.

૧.૩ ટીપીએલ-ડીએ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન મુજબ માનનીય કમીશનના ૯ જુન, ૨૦૧૭ ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે.

1. વીજળીની ખરીદના સ્તોત્રમા, જથ્થામાં અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ.
2. ફીકસડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઇકવીટી પર મળતો નફો, આવકવેરો અને નોન ટેરીફ આવકમાં થતા બદલાવ.
3. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વીજળીની જરુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક ટી એન્ડ ડી લોસ પર આધારીત છે. દહેજ સપ્લાય વિસ્તારનું વેચાણ ૪૨૬.૧૫ એમયુ છે. નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૦.૩૫ ટકા થયેલ છે. ટીપીએલ-ડી(ડી)એ વીજ વિતરણ લોસમાં માનનીય કમીશનના ૦૯ જુન,૨૦૧૭ ના (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા નિર્ધારીત કરેલ વીજ વિતરણ લોસ કરતા ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે.

૧.૬ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને ૦૯ જુન, ૨૦૧૭ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) મુજબ મંજુર કરેલ ખર્ચાઓને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્તોત્રમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રીત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. દહેજ સપ્લાય વિસ્તાર માટે માનનીય કમીશનના ૦૯ જુન, ૨૦૧૭ના (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા નિર્ધારીત કરેલ વીજ વિતરણ લોસની સરખામણીમાં વાસ્તવિક વીજ વિતરણ લોસ ઘટેલ છે જ્યારે ઓ એન્ડ એમ ખર્ચમાં વધારો થયેલ છે.

૧.૭ દહેજ સપ્લાય વિસ્તારના ફીક્સડ ખર્ચાઓ જેમ કે વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઇક્વીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે દહેજ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રુ. કરોડમાં | | |
|---|---|---|
| એમવાયટી ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૧૬૧.૫૩ |
| અનિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (બી) | (૫૬.૭૪) |
| નિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (સી) | - |
| ટેરીફ તરીકે પાસ થશે | ડી=-(બી+૧/3 સી) | ૫૬.૭૪ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૨૧૮.૨૮ |

૧.૮ ટીપીએલ જણાવે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાતને આવકની ગણતરીમાં ધ્યાને લીધેલ છે જે માનનીય કમીશનના ૩૧ માર્ચ, ૨૦૧૬, ૪ અપ્રિલ, ૨૦૧૮ અને ૧૯ જુન, ૨૦૧૯ ના ઓર્ડર તેમજ તેની અનુગામી સમયગાળા માટે સંબંધિત અસર સાથે ધ્યાને લેતા રુ ૧.૭૦ કરોડ થાય છે.

૧.૯ ટીપીએલ-ડી જણાવે છે કે ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦3 અંતંગત વિજદરનું નિર્ધારણ કાયદા અને રેગ્યુલેશનમાં દર્શાવેલ સિદ્ધાંતોના મુજબ કરવામાં આવે છે. જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનસ ડિસ્ટ્રીબ્યુશન લાઇસન્સી ના એઆરઆરમાં ધ્યાને લેવાની વસ્તુઓ સૂચિત કરે છે. પરંતુ, વિજદર નિર્ધારણ દરમ્યાન ધ્યાને લીધેલ નાંણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ અને નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ ના ડીપીસી નુ રેગ્યુલેશનની જોગવાઇઓથી વિરુદ્ધ નિરૂપણ થયેલ છે. માટે, ટીપીએલ-ડીએ માનનીય કમીશનને રેગ્યુલેશનની જોગવાઇઓ મુજબ રુ ૦.૦૧૨ કરોડને અગાઉના વર્ષોની ખાધમાં યોગ્ય રીતે ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

૧.૧૦ આમ ઉપર મુજબ, ટ્રુ અપ થયેલા એઆરઆરની સરખામણી વાસ્તવિક વીજળીના વેચાણની આવકમાં અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ને ધ્યાને લીધા બાદ તારવેલી આવક સાથે કરી નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ ની ખાધ/પુરાંત તારવવામાં આવી છે. જે નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| **રુ.કરોડમાં** | **વાસ્તવિક** |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૨૧૮.૨૮ |
| | |
| વીજળીના વેચાણથી થતી આવક | ૧૯૨.૫૦ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના સમયની ખાધ/(પુરાંત) | (૧.૭૦) |
| **બાકીની આવક** | **૧૯૪.૧૯** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૨૪.૦૮** |

૧.૧૧ ટીપીએલએ માનનીય કમીશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆર અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના એઆરઆર ઃ**

૧.૧૨ માનનીય કમીશને નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆરની મંજુરી ૧૭ જુલાઇ ૨૦૧૯ ના ઓર્ડર (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) દ્વારા આપી છે. તદ્નુસાર ટીપીએલએ નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆર નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે દહેજ પુરવઠા વિસ્તાર માટે ના એઆરઆર**

| **રુ. કરોડ** | **નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧** |
|---|---|
| વીજ ખરીદી | ૧૭૭.૮૯ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૭.03 |
| વ્યાજ ખર્ચ | ૫.૨૧ |
| સીક્યુરીટી ડીપોઝીટ નું વ્યાજ ખર્ચ | ૨.3૨ |
| કાર્યકારી મુડીનો વ્યાજ ખર્ચ | - |
| ઘસારો | ૬.૧૯ |

| | |
|---|---|
| ઘાલખાધ | – |
| કન્ટીજન્સી રિઝર્વ | ૦.૮૯ |
| ઇક્વીટી પર મળવાપાત્ર વળતર | ૬.૪૨ |
| આવક વેરો | – |
| બાદ ઃ નોન ટેરીફ આવક | ૪.૫૪ |
| **એઆરઆર** | **૨૦૧.૪૨** |

**નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ ઃ**

૧.૧૩ વીજવેચાણથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| **રૂ.કરોડમાં** | |
|---|---|
| એઆરઆર | ૨૦૧.૪૨ |
| બાદ ઃ | |
| પ્રવર્તમાન વીજદરો પર વીજળીના વેચાણથી થતી આવક | ૧૮૩.૪૪ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૧૭.૯૭** |

ટીપીએલએ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૪ ટીપીએલ-ડીએ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ, બાકી રહેલ દાવાઓ સહિતની નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની ખાધ/(પુરાંત)ના, વ્યાજ ખર્ચ (કેરીંગ કોસ્ટ) પેટે રૂ.૭.૫૯ કરોડ તારવેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નાં દર નિર્ધારણ માટે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/(પુરાંત) ઉપરાંત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

૧.૧૫ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના દર નિર્ધારણ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| **રૂ. કરોડમાં** | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ખાધ/(પુરાંત) | ૨૪.૦૮ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોસ્ટ) | ૭.૫૯ |
| નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ખાધ/(પુરાંત) | ૧૭.૯૭ |
| | |
| **સંચિત ખાધ/(પુરાંત)** | ૪૯.૬૫ |

૧.૧૬ ટીપીએલ-ડીએ રૂા.૪૩.૭૦ કરોડની સંચિત ખાધના (ઉપરોક્ત રૂા.૪૯.૬૫ કરોડની સંચિત ખાધ અને નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુઇંગ અપ સંબંધિત રૂા. (૫.૯૫) કરોડની કેરીંગ કોસ્ટ) અમુક હિસ્સાની વસૂલાત ૧લી એપ્રિલ, ૨૦૨૦ થી રુ.૦.૫૯ પ્રતિ યુનિટના દરે નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ નાં વીજદરમાં સુધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૭ ટીપીએલ-ડીએ બાકીની સંચિત ખાધની વસુલાત ૧લી એપ્રિલ, ૨૦૨૦ થી રૂા. ૦.૩૦ પ્રતિ યુનીટના દરે રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૮ ટીપીએલ-ડીએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વીજદરના માળખાને પ્રમાણસર કરવાનો પણ પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૯ વીજદર માળખાના સુચીત ફેરફારનો સારાંશ **એનેક્ષર ૧** માં આપવામાં આવેલ છે.

દાદ ઃ

૧.૨૦ ટીપીએલ-ડીએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ, અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે દહેજ સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરી છે.

૧.૨૧ હકીકતો અને સંજોગોને આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબની અરજ કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ, અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ અનુસાર ખાધ/(પુરાંત)ની મંજૂરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટીપીએલ-ડી દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજૂરી.

ડી) સંચિત ખાધ/(પુરાંત)ની મંજૂરી.

ઇ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજ વહન માટેના દરની તા.૧લી એપ્રિલ, ૨૦૨૦ થી મંજૂરી

એફ) ડીપીસી અંતર્ગત વર્તમાન પિટિશનમાં પ્રસ્તાવિત કરેલ ખર્ચ ની વસુલાત માટેની મંજુરી.

જી) રીટેલ વીજદર અને/અથવા રેગ્યુલેટરી ચાર્જ થકી વસુલાતની મંજુરી.

એચ) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલમાં કરેલી અરજીઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજૂરી.

આઇ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરૂરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

એલ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે બીડાણ કરેલ અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*

**એનેક્ષર ૧**

## ટીપીએલ દહેજ એસઇઝેડ ના વિસ્તાર માટેના સુચીત દરો

| ક્રમ | કેટગરી | ફીકસ્ડ ચાર્જ |
|---|---|---|
| ૧ | **આરજીપી**<br>(રહેણાંકનાં કનેકશન માટે<br>• સિંગલ ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટ સુધીના કુલ વીજભાર માટે<br>થ્રી ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટથી વધુના કુલ વીજભાર માટે) | રુ ૧૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૨ | **નોન- આરજીપી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી ઓછા વીજભાર હોય તેવા કનેકશન માટે) | **૧૫ કિલોવોટ સુધીના કનેકટેડ લોડ માટે**<br>રૂ. ૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**સીઝનલ ગ્રાહકો માટે લઘુત્તમ બીલ પ્રતિ ઇન્સ્ટોલેશન**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા "ફિકસ્ અને એનર્જી ચાર્જીસ" હેઠળ ચુકવવા પાત્ર લઘુતમ રકમ કોન્ટ્રેકડ લોડ ના પ્રતિ કિલોવોટ પર રૂા ૨૧૬૦ પ્રતિ વષ પ્રતિ કિલોવોટ છે. |
| 3 | **એલટીએમડી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટથી વધુના અને ૧૦૦ કિલોવોટ સુધીના વીજભારના હોય તેવા કનેકશન માટે. નોન- આરજીપી કેટેગરીમાં આવરી લેવાયેલ ગ્રાહકો જે નોન- આરજીપી કેટેગરીના વીજદર સિવાય પસંદ કરવા માંગતા હોય) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૪૦ કિલોવોટ**<br>રુ. ૧૨૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૨૦ કિલોવોટ**<br>રુ. ૧૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૬૦ કિલોવોટથી વધુ**<br>રુ. ૨૨૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રુ. ૩૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**એલટીએમડી સપ્લાય લેતા સીઝનલ ગ્રાહકો**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા "ફિકસ્ અને એનર્જી ચાર્જીસ" હેઠળ ચુકવવા પાત્ર લઘુતમ રકમ કોન્ટ્રેકડ લોડ ના પ્રતિ કિલોવોટ પર રૂા ૩૩૦૦ પ્રતિ વષ પ્રતિ કિલોવોટ છે. |
| 3 | **એચટીપી-૧**<br>(અલગ એચટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૦૦ કેવીએ અને તેથી વધુના વીજભારના હોય તેવા કનેકશન માટે) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવીએ**<br>રુ ૨૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રુ ૩૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |

| ક્રમ | કેટેગરી | ફીક્સ્ડ ચાર્જ |
|---|---|---|
| ૪ | | **એચટી સપ્લાય લેતા સીઝનલ ગ્રાહકો**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા "ફિક્સ્ અને એનર્જી ચાર્જીસ" હેઠળ ચુકવવા પાત્ર લઘુત્તમ રકમ કોન્ટ્રેક્ડ લોડ ના પ્રતિ કિલોવોટ પર રૂા ૫૧૯૦ પ્રતિ વષ પ્રતિ કિલોવોટ છે. |
| ૫ | **એચટીપી-૨**<br>(વોટર વર્ક્સ અને સીવરેજ પમ્પિંગ સ્ટેશનો માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવીએ**<br>રુ ૧૭૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રુ ૨૭૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવીએથી વધુ**<br>રુ ૩૨૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રુ ૪૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૬ | **એચટીપી-૩**<br>(હંગામી વીજ પુરવઠા માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ. જે ગ્રાહકો નિયમિતપણે ઉચિત કરારનામાં હેઠળ વીજ પુરવઠો નહી લેતા હોય તેમને હંગામી વીજ પુરવઠા હેઠળ ગણવામાં આવશે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>રુ ૨૫ પ્રતિ કેવીએ પ્રતિ દિન<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રુ ૩૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |

એ) **એનર્જી ચાર્જીસઃ** ટીપીએલ-ડીએ દરેક કેટેગરીના એનર્જી ચાર્જમાં રૂા.૦.૫૦ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે.

બી) **એચટીપી-૧, એચટીપી-૨ અને એચટીપી-૩ કેટેગરીને લાગુ પડતા ટીઓયુ ચાર્જીસ :** ટીપીએલ-ડીએ ટીઓયુ ચાર્જમાં રૂા.૦.૧૦ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે.

સી) **રેગ્યુલેટરી ચાર્જીસઃ** ટીપીએલ-ડીએ રુ.૦.૩૦ પ્રતિ યુનીટના દરે રેગ્યુલેટરી ચાર્જ પ્રસ્તાવિત કરેલ છે.

ડી) **ઓપન એકસેસ ચાર્જીસઃ** ટીપીએલએ ઓપન એકસેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*